નાયબ વન સંરક્ષકશ્રી કચેરી,
વલસાડ ઉત્તર વન વિભાગ-વલસાડ
જિલ્લા સેવા સદન-૨, પહેલો માળ, ધરમપુર રોડ,
વલસાડ - ૩૯૬ ૦૦૧.

E-mail: dcfvalsadnorth16@gmail.com
dcfvalsadnorth@yahoo.com

Tel No.: (02632) 254151
Fax No.: (02632) 243276


ક્રમાંક: બ/જમન/ટે.૧૩/૩૮૯૪-૯૬/૨૦૨૧-૨૨

તારીખ: ૦૯/૦૭/૨૦૨૧.

પ્રતિ,
નાયબ વન સંરક્ષકશ્રી,
દક્ષિણ ડાંગ વન વિભાગ,
આહવા-ડાંગ.

વિષય: proposal for diversion of protected forest land for the project of widening & strengthening four lane of bilimora, chikhale, vansda, waghai road Km.53/400 to 56/600 (only for side of the road) & Km. 56/600 to 59/600 (for both side of the road) Dist. Navsari state Gujarat.

સંદર્ભ: (૧) આપના પત્રાંક: બ/સર્વે/૧૩/૨૬૯૨-૯૪ સને:૨૦૨૦-૨૧ તા.૦૧/૦૭/૨૦૨૧.

(૨) રેંજ ફોરેસ્ટ ઓફીસરશ્રી ચીખલીના પત્રાંક:અ/જમન/૨૯૧ તા.૦૯/૦૭/૨૦૨૧.

સવિનય ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, સંદર્ભ-૧ હેઠળના પત્રાંકથી કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ નવસારી દ્વારા વન સંરક્ષણ ધારા-૧૯૮૦ એફ.સી.એ. હેઠળ વન વિસ્તારમાથી પસાર થતા વાંસદા વઘઈ રોડને પહોળો કરવા માટે ઉપયોગમાં લેવાના આવનાર ૩.૭૬ હેકટર ડાયર્વઝની જમીનની સામે મોજે જામનપાડા તા.વાંસદા જિલ્લો નવસારી ખાતા બ્લોક નંબર/સર્વે-૬૫૯ની ૯.૫૧૧૩ હેકટર બીન જંગલ જમીન પૈકી ૩.૭૬ હેકટર બિન જંગલ જમીન અત્રેના વિભાગ હેઠળ વિસ્તાર આવતો હોય વળતર વનીકરણ અર્થે તબદિલ કરવા જણાવેલ અને જરૂરી પ્રમાણપત્રો માંગવામાં આવેલ. જેના અનુંસંધાને સંદર્ભ-૨થી જરૂરી સ્થળ તપાસ કરાવતા તેમજ જરૂરી તપાસ કરતા તથા યુઝર એજન્સી દ્વારા ર૧ કરેલ સાધનીક કાગળોને જોતા તેમજ સ્થળ પર બતાવવામાં આવેલ વિસ્તાર જોતા મોજે જામનપાડા ગામન રી સર્વે નંબર-૬૫૯ તથા બ્લોક નંબર ૬૮૨ વાળો વિસ્તાર ૧૦.૧૪૮૭ હેકટર પૈકી ૩.૭૬ હેકટર જમી વાવેતર તેમજ પ્રોટેકશનની દ્રષ્ટીએ યોગ્ય હોય તેમ જણાઈ આવેલ છે. પરંતુ સદરહું વિસ્તાર વન વિસ્તારથ આસરે ૩.૦૦ કી.મી જેટલો દુર આવેલ છે. જે અંગેની વળતર વનીકરણની દરખાસ્ત તૈયાર કરી માગ મુજબના પ્રમાણપત્રો સહીત પાંચ નકલમાં સામેલ રાખી મોકલવામાં આવે છે જેની જાણ થવા વિનંતી છે.

વધુમાં જણાવવાનું કે, કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ નવસારી દ્વારા સ્થળ પ બતાવવામાં આવેલ વિસ્તારની સ્થળ તપાસ કરી બતાવેલ વિસ્તારનો અહેવાલ કરવામાં આવેલ છે અને યુ એજન્સી દ્વારા સદર વિસ્તાર તબદીલ કરતા સમયે ડી.આઈ.એલ.આર. દ્વારા માપણી કરી સ્થળ પર હદ નિશ કરાવી ૩.૭૬ હેકટર વિસ્તારની પ્રમાણીત માપણી શીટ સાથે કબજો સોપવાનો રહેશે. જેની જાણ થવા વિનં છે.

બિડાણ: ઉપર મુજબ

નાયબ વન સંરક્ષક
વલસાડ ઉત્તર વન વિભાગ
વલસાડ

નકલ સાદર રવાના: મુખ્ય વન સંરક્ષકશ્રી, વલસાડ વન વર્તુળ વલસાડ તરફ વિદિત થવા સારૂ.